# બુધવાર, તા.૧લી જુલાઇ, ૨૦૨૬

## ૩૯૫.જાહેર સાહસો માટેની સમિતિની બેઠક:

જાહેર સાહસો માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી.

સમિતિની ઉક્ત બેઠકની શરૂઆતમાં સમિતિએ પંદરમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના **બીજા અહેવાલ**માં સમાવિષ્ટ ભલામણના ફકરા ક્રમાંક: **૫** સંબંધમાં **ઉદ્યોગ અને ખાણ વિભાગ** હસ્તકના **ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**ના પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી કેટલાક સૂચનો કરી તપાસ પેન્ડીંગ રાખી હતી. ત્યારબાદ પંદરમી ગુજરાત વિધાનસભાના **ત્રીજા અહેવાલ**માં સમાવિષ્ટ ભલામણના ફકરા ક્રમાંક: **૪ અને ૫** સંબંધમાં **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ** હસ્તકના **ગુજરાત મેરીટાઇમ બોર્ડ**ના પગલાંના પત્રકોની તપાસ હાથ ધરી કેટલાક સૂચનો કરી તપાસ પૂરી કરી હતી. ત્યારબાદ ભારતના સી.એ.જી.ના સન ૨૦૧૩–૧૪ના વર્ષના જાહેર સાહસ ક્ષેત્રના ઉપક્રમો અંગેના ઓડીટ અહેવાલમાં સમાવિષ્ટ **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** હસ્તકના **ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિ.** દ્વારા નિગમની કામગીરી અને નિગમના માળખાના સંબંધમાં સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. પ્રેઝન્ટેશન દરમિયાન તથા પ્રેઝન્ટેશન પૂર્ણ થયા બાદ નિગમની કામગીરી સંબંધમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સમિતિએ તા.૩૦–૧૨–૨૦૨૫ની બેઠકમાં માંગેલ વધારાની માહિતી સંદર્ભમાં સમિતિ દ્વારા તૈયાર કરેલ પ્રશ્નોત્તરીના જવાબો મોકલી આપવા તેમજ આગામી બેઠકમાં તે સંબંધમાં ચર્ચા કરવા અને ઉક્ત નિગમના ઓડીટ ફકરાઓની તપાસ રાખવાનું નકકી કર્યું હતું.

સમિતિનું કામકાજ બપોરના ૪:૫૨ કલાકે પૂરૂ થયુ હતું.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**